**ભાવનગરની શ્રમ અદાલત (નં.૧) ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ,**
**મુ.ભાવનગર**

રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં. ૨૧૩/૧૯૯૭
આંક : ૪૦

જનરલ મેનેજર શ્રી
આલ્કોક એશડાઉન (ગુજરાત) લી.,
જુના બંદર, ભાવનગર. ...પ્રથમ પક્ષકાર

વિરૂધ્ધ

મગનભાઈ બેચરભાઈ બારૈયા
૧૦,મ્યુનીસીપલ સોસાયટી,
વિઠલેશ્વર રોડની પાછળ, રાણીકા,
ભાવનગર. ...બીજા પક્ષકાર

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી કે.એમ.ગાંધી
બીજા પક્ષકાર તરફે : પ્રતિનીધી શ્રી જી.આર.રાવળ

**– :: એ વો ર્ડ :: –**

(૧) આ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, ભાવનગરની કચેરીના હુકમ ક્રમાંક : કે.એચ./ એસ.એચ.એમ.સી./ બી.એચ.એ./ એ.જે.બી./આઈ.ડી.આર./૩૩/૯૭/૩૯૭૭ તા.૨૭/૦૫/૧૯૯૭ થી પ્રથમ પક્ષકારમાં કામ કરતા બીજા પક્ષકાર/શ્રમયોગીને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા કે કેમ? તે તકરારના નિર્ણય અર્થે સદરહુ કેસ આ અદાલતને રીફર કરેલ છે.

(૨) રેકર્ડ વંચાણે લેતાં એવુ જણાઈ આવે છે કે, શ્રમ અદાલતે તા.૨૮/૨/૨૦૧૪ ના રોજ આંક ૩૪ થી એવોર્ડ ફરમાવેલ. બાદ પ્રથમ પક્ષકાર તે સામાવાળાએ ઔદ્યોગીક તકરાર અધિનિયમ અંતર્ગત ઘડવામાં આવેલ ગુજરાત નિયમોના નિયમ ૨૬(એ) અન્વયે પરચુરણ અરજી નં.૯/૨૦૧૪ દાખલ કરેલ. જે અરજી તા.૧૩/૩/૨૦૧૫ ના રોજ ખર્ચ સહિત મંજુર કરવામાં આવેલ અને આંક ૩૪ વાળો એવોર્ડ સેટ-એ-સાઈડ કરી સદરહુ રેફરન્સ કેસ પુન: ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. જેથી સદરહુ કેસ મુળ નંબર થી ફરી રજીસ્ટ્રરે લેવામાં આવેલ. ત્યાર બાદ બીજા પક્ષકાર તે અરજદારે નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સિવીલ એપ્લીકેશન નં.૧૨૩૫૨/૨૦૧૫ ના કામે તા.૧૯/૬/૨૦૨૪ વાળી દાખલ કરેલ, જે કાર્યવાહીના કામે રેફરન્સ કેસની યથાવત પરિસ્થિત જાળવી રાખવાનો હુકમ ફરમાવવામાં આવેલ.

(૩) સદરહુ કામે બીજા પક્ષકાર તે અરજદારના પ્રતિનીધીશ્રીએ આંક-૩૯ થી રેફરન્સ કેસ પરત ખેંચવાની પુરસીસ રજુ કરેલ અને તેની સાથે નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સિવીલ એપ્લીકેશન નં.૧૨૩૫૨/૨૦૧૫ ના કામે તા.૧૯/૬/૨૦૨૪ ના રોજ ફરમાવવામાં આવેલ હુકમની નકલ રજુ કરેલ છે, જેના પેરા નં.૭ નીચે મુજબ છે.

> ‘ In view of the above facts emerging from the record, this petition is disposed of as having been abetted with a liberty to revive the same, if the legal heirs of the deceased petitioner approach to this court by showing sufficient cause. Rule is discharged.’

આમ, નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ ઉપરોકત કાર્યવાહી નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. તે હકીકત ધ્યાને લેતાં તેમજ ઔદ્યોગીક તકરાર અધિનિયમ (ગુજરાત) નિયમો, ૧૯૬૬ ના નિયમ ૮૭ તથા ઔદ્યોગીક તકરાર અધિનિયમ (સેન્ટ્રલ)

નિયમો ૧૯૫૭ ના નિયમ–૩૭ વંચાણે લેતા અરજદારના પ્રતિનીધીને સદરહુ કાર્યવાહી પરત ખેંચવાના અધિકાર પ્રાપ્ત થયેલ હોઈ તે અધિકારની રૂએ અરજદારના પ્રતિનીધીએ સદરહુ કાર્યવાહી પરત ખેંચવાની પુરસીસ (આંક ૩૯) રજુ કરેલ હોય અરજદારના પ્રતિનીધીને આ કાર્યવાહી પરત ખેંચવાની પરવાનગી આપી અને આંક ૩૯ ની પુરસીસ કામમાં દાખલ કરવામાં આવેલ છે.

(૪) આંક ૩૯ થી વિડ્રો પુરસીસ રજુ થયેલ છે અને તેમાં જણાવેલ હકીકત લક્ષ્ય પર લેતાં તેમજ ઔધોગીક તકરાર અધિનીયમ (ગુજરાત) નિયમો, ૧૯૬૬ ના નિયમ ૮૭ તેમજ ઔધોગીક તકરાર અધિનીયમ (સેન્ટ્રલ) નીયમો ૧૯૫૭ ના નિયમ–૩૭ વંચાણે લેતાં તથા સદર રેફરન્સના કામે રજુ કરવામાં આવેલ અધિકારપત્ર વંચાણે લેતાં બીજા પક્ષકારના પ્રતિનીધીને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ પુરસીસ આપેલ હોઈ તે નજરે પરવાનગી આપી આ કેસ લોક અદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

તા.૧૪/૦૯/૨૦૨૪
નેશનલ લોક અદાલત
શ્રમ અદાલત,ભાવનગર

(સુશિલ ભગવંતરાય ભટ્ટ )
પ્રમુખ અધિકારી, શ્રમ અદાલત નં.૧,
ભાવનગર.
UIC - GJ00857